હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઈમ્સ ઓફ ખત્રી

Times of Khatri માસિક

HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૭ અંક-૫ સળંગ અંક-૭૩ માહે-શવ્વાલ હિજરી-૧૪૪૪ મે-૨૦૨૩
તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## વિષમ પરિસ્થિતિનો સામનો કરો

રજૂઆતઃ રફીક છાટબાર, રાજકોટ

જીવન સતત પરિવર્તનશીલ હોય છે. દરેક પરિસ્થિતિ કાયમ માટે હોતી નથી. પરિસ્થિતિને અનુરૂપ જીવન સતત બદલાતું રહે છે. જીવનમાં ચઢાવ-ઉતારની પરિસ્થિતિ આવવી સહજ છે. જો જીવન કાયમ માટે એકધારૂ રહેશે તો જીવન રસહીન થલ જશે. જેવી રીતે દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે છે તેમ જીવનમાં ચઢાવ-ઉતાર આવ્યા કરે છે. તેના કારણે જ જીવનમાં રસ જળવાઇ રહે છે. માણસ ‘સ્ટ્રગલ’ કરવા પ્રેરાય છે. જીવનમાં સ્ટ્રગલ (સંઘર્ષ)નું ખૂબ જ મહત્વ રહેલું છે. સંઘર્ષરહીત જીવન નકામું અને માયકાંગલું લાગે છે.

અજવાળાનું મહત્વ ત્યારે જ સમજાય છે જયારે અંધારૂં આવે છે. તેવી જ રીતે જીવનમાં ખુશીઓ ત્યારે જ મનાવી શકીએ છીએ જયારે દુઃખ ભોગવ્યું હોય! જીવનમાં દુઃખનું મહત્વ સમજાય તો જ સુખ પામી શકાય છે.

માનવ સ્વભાવ મુજબ જીવનમાં જો થોડું ઘણું પણ દુઃખ આવે તો માનવી નાશીપાસ થઇ જાય છે. પરંતુ તે પરિસ્થિતિ તેના માટે વરદાનરૂપ હોય છે. જો જીવનમાં દુઃખ આવે તો જ માનવી સુખની શોધમાં નીકળે છે! સુખ મેળવવા સંઘર્ષ કરવા પ્રેરાય છે. આમપણ જીવનમાં સતત એકધારી સુખની પરિસ્થિતિ પણ વિશેષ ફાયદાકારક હોતી નથી. કયારેક તે પરિસ્થિતિ તેને વિનાશ તરફ દોરી જતી હોય છે. આથી જીવનમાં આવતી દુઃખની પરિસ્થિતિને સુખનું પ્રથમ પગથિયું ગણીને ચાલશો તો જીવનમાં કયારેય દુઃખનો અહેસાસ નહીં થાય.

વિષમ પરિસ્થિતિમાં માનવી નાશીપાસ થઇ જાય છે. દુનિયામાં કોઇપણ પરિસ્થિતિ કયારેય કાયમ હોતી નથી. રાત પછી દિવસ, દિવસ પછી રાત સતત નિત્યક્રમ મુજબ ચાલ્યા કરે છે. તેવી જ રીતે આજે વિષમ પરિસ્થિતિ છે તે કાલે જરૂર બદલાશે. ફકત જરૂર છે હિમ્મત કેળવવાની, નાશીપાસ થયા વગર સતત પરિશ્રમ કરવાની. આમપણ નાશીપાસ થવાથી તેનું કોઇ પરિણામ આવી શકતું નથી. ઉલ્ટાનું દુઃખ વધે છે.

કોઇપણ કપરામાં કપરી પરિસ્થિતિનો સામનો કરવા માટે મન પર કાબૂ અને અલ્લાહ પર ભરોસો હોવો જરૂરી છે. કોઇપણ કપરી કે સારી પરિસ્થિતિનું નિર્માણ અલ્લાહને આધીન છે. તો પછી આપણી શું મઝાલ છે કે આપણે તેનો વિરોધ કરીએ? સારી કે વિષમ પરિસ્થિતિ માટે કોઇને દોષ આપી શકાય નહિ. કોઇપણ પરિસ્થિતિનો સામનો કરતી વખતે તમે તેમાં સફળ ન થાવ તો સમજવું જોઇએ કે તમારી મહેનતમાં કયાંકને કયાંક કચાસ રહી જવા પામેલ છે. આમપણ સફળ થવા માટે ૮૦ ટકા મહેનત અને ૨૦ ટકા કિસ્મતનો હિસ્સો હોય છે. અથાગ મહેનત પછી પણ સફળતા ન મળે તો કિસ્મતને દોષ આપી શકાય. પરંતુ મારૂં અંગત માનવું છે કે જો માનવી સતત પરિશ્રમ કરે તો ચોકકસ સફળતા મેળવે જ છે.

દુનિયામાં અગણિત એવા ઉદાહરણો છે કે ભૂતકાળમાં ઠોઠ નિશાળીયા ગણી તેમને સ્કૂલમાંથી કાઢી નાખેલા લોકો ભવિષ્યના મહાન વૈજ્ઞાનિકો બનેલા છે. તેઓએ પારાવાર કપરી પરિસ્થિતિઓનો સામનો કરીને સફળતાની ટોચે પહોંચેલા છે. આપણે તો સાવ મામૂલી મુશ્કેલીથી ડરીને સફળતાનો માર્ગ ભટકી જઇએ છીએ. તો પછી સફળતા કયાંથી મળે?

સફળતા મેળવવા માટે સતત સંઘર્ષરત જીવન જીવવું પડે છે. વિષમ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. ગુજરાતની જાણીતી વોશિંગ પાઉડરની કંપનીના માલિક એક સમયે ઘરે ઘરે વોશિંગ પાઉડર વેચવા ફેરી કરતા હતા. આજે તેઓ ભારતની નામાંકિત અને સફળ કંપનીના માલિક છે. શું તેમણે કોઇ વિષમ પરિસ્થિતીઓનો સામનો નહીં કર્યો હોય? સફળતા એમ રસ્તે ચાલતા નથી મળતી તેના માટે ભોગ આપવો પડે છે!

વિષમ પરિસ્થિતિથી ડર્યા વગર તેમનો સામનો કરતાં શીખો. દુનિયાના સફળ માનવીઓમાં જવલ્લે જ કોઇ એવા મળશે કે જેમણે પોતાની જિંદગીમાં વિષમ કે કપરી પરિસ્થિતિઓનો સામનો ન કર્યો હોય. વિષમ પરિસ્થિતિ એક શિક્ષકની ગરજ સારે છે. જે આપણને જિંદગીમાં ઘણું બધું શિખવે છે. જો તેમાંથી આપણે બોધપાઠ લઇ આગળ વધીશું તો આપણે ચોકકસ તે પરિસ્થિતિનો સમાનો કરી જિંદગીમાં સફળ થઇ શકીશું. જો નાશીપાસ થયા કે હિમ્મત હારી ગયા તો નિષ્ફળ જશો, એ વાતમાં કોઇ મીનમેખ નથી. માટે હિમ્મત હાર્યા વગર વિષમ

અનુસંધાન પાના નં. ૩ ઉપર..

+91 9820223138

Asif Khatri
Managing Director

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# ભારતના કિશોરો પર જંકફૂડનું ખતરનાક આક્રમણ

કાંતિ ભટ્ટના બ્લોગમાંથી સાભાર

તમે તમારા બાળકને સિગારેટ પીવા આપશો? હાનિકારક પ્રિઝર્વેટિવ્ઝ, એડીટિવ્ઝ, ખાંડ અને કૃત્રિમ રંગોવાળા જંકફૂડનું પણ વ્યસન થાય છે.

ફ્રાન્સિસ બેકને આજથી ૩૮૪ વર્ષ પહેલા કહેલું- એક માનવીની મૂર્ખાઇ બીજા તકસાધુ વેપારી માટે ધનના ઢગલા ખડકાવે છે. આજે આખા ભારતને મુરખ બનાવીને ઠંડા પીણાની મલ્ટિનેશનલ કંપનીઓ તેના જંકફૂડ પીરસે છે. તેમાં ૧ ઓક્ટોબર,૨૦૦૯થી ભારતના શોખીન મૂરખ લોકો માટે જવની નવી પ્રોડકટ મુંબઇની બજારમાં મૂકીને અમેરિકામાં ઘોડા ખાય છે, તે જવને રૂપાળા અને કૃત્રિમ સ્વાદવાળા બનાવીને લૂંટવા આવ્યા છે.

આજે ભૂંડા ટીનપેકડ નાસ્તાનું આક્રમણ ભારત પર થઇ રહ્યું છે. 'ધ એન્ડ ઓફ ફૂડ' નામના પુસ્તકમાં પોલ રોબોટ્સ લખે છે કે બ્રેકફાસ્ટ સિરિયલ નામનો રૂપાળા નામવાળો વાસી નાસ્તો કિશોરો ઝાપટે તે માટે અમેરિકન ફૂડ ઈન્ડસ્ટ્રી ૩૩ અબજ ડોલર માર્કેટીંગ અને એડ્વર્ટાઇઝીંગમાં ખર્ચે છે. આજે અમેરિકા અને હવે ભારતમાં વાસી નાસ્તો ફ્રેન્ચ ફ્રાઇઝ, કવેકર્સ ઓટસ, કોલાના પીણા વગેરેનું એડ્વર્ટાઇઝીંગ બજેટ મોટરકાર ઈન્ડસ્ટ્રીના બજેટ પછી બીજે નંબરે આવે છે.

બીબીસીએ આધારભૂત આંકડા મેળવીને લખેલું કે, સોફટ ડ્રિંકસ અને સવારના વાસી રૂપાળા નાસ્તાની ફૂડ ઈન્ડસ્ટ્રી ૧૨૬ અબજ ડોલરની છે, એટલે કે વર્ષે તેનો ઊથલો રૂા. ૬ લાખ કરોડનો છે. વાસી નાસ્તા બનાવતી કંપનીના ડબલાં યુરોપ-અમેરિકામાં ઓછા ખપતાં હતા. તેથી હવે તેઓ તેનું વ્યસન પાડવા ભારતમાં કરોડોના એડ્વર્ટાઇઝીંગ બજેટ સાથે ખાબક્યા છે.

આવા વાસી નાસ્તા તમારાં બાળકો સવાર-સાંજ નહીં, આખો દિવસ ભૂખ વગર ઝાપટે તેવા કૃત્રિમ સ્વાદવાળા બનાવે છે અને આખો દિવસ ખાધા કરે તેવી જાહેરખબરો છપાવે છે. તેમાં રેડિયેશનની ખતરનાક પ્રક્રિયા હોય છે. અનેક હાનિકારક પ્રિઝર્વેટિવ્ઝ, એડીટિવ્ઝ, ખાંડ અને કૃત્રિમ રંગો હોય છે.

આવા નાસ્તા ભારતમાં આવે છે ત્યારે જાહેરખબરભૂખ્યા જૂનાં અંગ્રેજી અખબારો ચંડાળની જેમ પૈસા કમાવા તેવા નાસ્તાને પ્રચલિત કરવામાં મદદ કરે છે. કોઇપણ ખાદ્યચીજને એક વર્ષ કે બે વર્ષ પહેલાં પેક કરી તેને બજારમાં મૂકીને કમાવાનું સહેલું કે સસ્તું નથી. અઢળક જાહેરાત કરવી પડે છે. ફિલ્મી હિરો અને રમતવીરો જેવા ધનભૂખ્યા સેલિબ્રિટીના એન્ડોર્સમેન્ટ મેળવાય છે, તેમને સ્પોન્સર કરનારા મળી જાય છે. બાળકોને આંટીમાં લેવા તેને ઇનામી યોજના કે ખાવાની સ્પર્ધા યોજાય છે, તેમાં સંડોવે છે.

તમે તમારા બાળકને સિગારેટ પીવા આપશો? કોકેન જેવા કેફી પદાર્થવાળું પીણું આપશો? નહીં આપો. કારણ કે એનાથી ખરાબ આદત પડે છે. વ્યસન થાય છે, પરંતુ તમે સવારે સુધરેલા બની ગયા હો તો ખાંડથી ભરપૂર, ચરબીવાળા, અતિ નમકવાળા અને રૂપાળા ડબ્બામાં પેક કરેલા નાસ્તા ખુશીથી આપો છો. આવા જંક ફૂડનું પણ વ્યસન થાય છે તેવું કેથી અર્નેસ્ટ નામની મહિલા પત્રકાર 'બિઝનેશ વીક'માં લખે છે. આજે આવા નાશ્તા કરીને યુરોપ-અમેરિકાનો દરેક ત્રીજો બાળક સ્થૂળદેહી-અદોદળો અને ભંભૂટિયા જેવો થઇ ગયો છે. જલ્દી રોગનો ભોગ બને છે.

ડૉ. ડેવિડ કેસલર 'ધ એન્ડ ઓફ ઈટીંગ' નામના પુસ્તકમાં લખે છેઃ કોઇ પણ જંકફૂડમાં જો ખાંડ, ચરબી અને મીઠું હોય તો તે બાળકના મગજને સ્ટીમ્યુલેટ કરે છે-જે રીતે સિગારેટ મગજને કૃત્તિમ ઉત્તેજના આપે છે. દારૂ તમારા મગજને ઉત્તેજિત કરે છે તે રીતે જંકફૂડ બાળકોના મગજને ઉત્તેજિત કરીને તેનું વ્યસન પાડે છે. વળી બાળકોને આ વાસી નાસ્તા સ્વાદિષ્ટ લાગે છે એટલે હંમેશા અકરાંતિયાં થઇને ખાય છે. ડૉ. કેસલર કહે છે કે જંકફૂડ કંપનીની બદમાસી થકી બાળકો ૨૫ ટકા વધુ ખાય છે અને તે માટે બાળક કરતાં તેના અજ્ઞાન માબાપો વધુ જવાબદાર છે.

પરંતુ સબૂર, તમે પૂછશો કે ભારત પર નવું આક્રમણ કરનારી આ જવની પ્રોડકટ શું છે? આપણે શરૂથી જવને જાણીએ. અંગ્રેજીમાં જવને ઓટ્સ અગર બાર્લી કહે છે. સંસ્કૃતમાં યવ કહે છે. આપણી માતાઓ ખેતરમાંથી આવેલા જવની ઘેંશ બનાવીને તાજી તાજી ખવડાવતી. ઉત્તર ભારત અને બિહારમાં આજેય સાતુ તરીકે જવ ખવાય છે.

તમિળમાં અરિગુ કહે છે. તેલુગુમાં યવધાન્ય કહે છે. ફારસીમાં જવ કહે છે. જે અસલી જવ આવતા તેમાં રાસાયણિક ખાતર કે કોઇ જ દવા છંટાતી નહીં. આ જવ ગર્ભવતી સ્ત્રીના ગર્ભને સ્થિર કરવા અને ગર્ભપાત ન થાય તે માટે જવ-તલ-સાકરનું સરખે

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

ભાગે ચૂર્ણ કરી મધમાં ચટાવાતું.

આ જવની ખેતી ભારતમાં ઓછી થવા માંડી છે પણ ઓસ્ટ્રેલિયામાં ઘોડાનો ઉછેર બહુ થાય છે ત્યાં ઘોડાને જવ ખવરાવવા જવની ખેતી ખૂબ થાય છે. વધુ પડતી થાય છે. વધારાના જે જવ ઘોડા ખાય છે તેને જંકફૂડવાળા સસ્તેથી આયાત કરીને તેને રૂપાળા-સ્વાદિષ્ટ બનાવીને આપણને મૂરખ બનાવવા આવે છે.

અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં જવ ખૂબ પાકવા માંડ્યા અને પાણીને ભાવે મળતા હતા ત્યારે ૧૮૭૭માં ફર્નિનાન્ડ શુમેકર અને જહોન સ્યુઅર્ટ નામના બે તિકડમબાજે ઓટમિલ સિરિયલ કંપની શરૂ કરી. શંકા હતી કે લોકો આ ઓટનો નાસ્તો કેમ ખરીદશે, કારણ કે જવ તો ગરીબનો ખોરાક છે. ધનિકના બાળકો તેને કેમ ખાશે? એટલે કવેકર્સ ઓટ્સ નામ આપીને તેને પ્રતિષ્ઠા અપાવી.

પશ્ચિમમાં એક કવેકર્સ ગ્રુપ છે. એ લોકો માનવજાતના મિત્રો છે તેવો દાવો કરે છે. એ લોકો ઈશ્વરના મિત્ર છે તેમ ૧૬૫૦થી કહેતા આવેલા, એટલે ઓટને રૂપાળા બનાવીને વેચવા ડબ્બા પેક નાસ્તાને કવેકર્સ ઓટ્સ કહેવામાં આવ્યા! ૧૯૦૧માં આ બે ભાગીદારો સાથે હેન્રી પાર્સન ક્રોમવેલ નામનો સુપર તિકડમબાજ ભળ્યો અને તેણે કવેકર્સ લોકો વાંધો ન લે તે માટે કવેકર્સ નામના ઓટ્સને જલદી જલદી લઈ લીધા. આમ આ અમેરિકન સિરિયલ કંપની જબ્બર નફો કરવા માંડી. જે કોઈ કવેકર્સ ઓટ્સનું ડબલુ ખરીદે તેને ૧૯૨૦માં એક રેડિયો ભેટ અપાતો.

કવેકર્સ ઓટ્સ જલદી ચાલ્યા નહીં એટલે કવેકર કંપનીએ ચોકલેટ અને તેની ફિલ્મ બનાવતી કંપની દ્વારા એક ફિલ્મ બનાવી. એ પછી અમેરિકા-યુરોપમાં ૨૧ સદીમાં લોકો બાળકોના નાસ્તા વિશે જાગૃત થતાં આવી કંપનીઓના નાસ્તાની ખપત ઓછી થતાં લાગ્યું કે ભારત નામનો મૂરખ દેશ છે ત્યાં કંઈ પણ અમેરિકન બ્રાન્ડ હોય જાહેરખબરને જોરે કંઈ પણ ખાવાનો ફેશનેબલ કચરો ખપાવી શકાય છે. એટલે હવે આવી કંપનીઓ ભારત તરફ ખેંચાઈ રહી છે.

૧૯૮૦ના દાયકામાં હોલિવૂડના એક હીરોને અમુક બ્રાંડના જંકફૂડ ખાતો બતાવે છે, આવા ભારતના જાહેરખબરની ભૂખવાળા હડકાયાઓ છે તેવા ફિલ્મસ્ટારો અને સ્પોર્ટ્સમેનોને આંતરીને જંકફૂડ કંપનીની જાહેરાતો હવે તમારા માથે મરાશે. ફરી ફરી જે ‘જે વધુ પડતા ભણેલા’ છે અને જે તેમના બાળકોને જંકફૂડના રવાડે ચડાવવાના છે, તેમણે નાસ્તાના ઉત્પાદકોને બિઝનેસમાં કોઈ નૈતિકતા કે માપદંડો હોતા નથી, એ જાણી લેવું જોઈએ.

હવે ભારતમાં જંકફૂડ ઈન્ડસ્ટ્રી મોટે પાયે ખાબકતા જગતમાં જંકફૂડ ઉદ્યોગ ૧૫૦ અબજ ડોલરનો ઊથલો કરશે. નવું જંકફૂડ લોન્ચ કરનારી મલ્ટિનેશનલ કંપની દાવો કરે છે કે પંજાબ, મધ્યપ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાનના ૪૦,૦૦૦ ખેડૂતો પાસે ૫૦,૦૦૦ એકરમાં જવની ખેતી કરાવાશે. અત્યારે તો આપણી આંખમાં ધૂળ નાખવાના સમાચાર છે તેવી શંકા પડે છે, પણ હાલ તુરત ઓસ્ટ્રેલિયામાં જે ઘોડા ખાય છે તે જવને પ્રોસેસ કરીને તેને ભારતમાં સુંદર પેકિંગમાં વેચાય છે.

હેન્રી મીલર નામના વિખ્યાત સાહિત્યકારે અમેરિકન ફૂડ ઈન્ડસ્ટ્રીની બદમાશીને પ્રગટ કરતાં ૧૯૪૭માં લખેલું કે અમેરિકન લોકો એટલા મૂરખ છે જે ગાર્બેજ ખાવા તૈયાર છે (ગાર્બેજ એટલે ઊકરડામાં નાખવા જેવી ચીજ) જો એ ગાર્બેજ ઉપર તમે કેચઅપ નાખો, ચીલી સોસ નાખો અને પીપર ભભરાવો તો અમેરિકનો ગાર્બેજ પણ સ્વાદિષ્ટ લાગતા આરોગી જશે! હવે આપણને ગાર્બેજ ખવડાવવા અમેરિકન ફૂડ કંપનીઓ તૂટી પડી છે.

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ...

પરિસ્થિતિનો સામનો કરતા શીખો.

પરિસ્થિતિને અનુકૂલન સાધતા જે માનવીને આવડી જાય તેના માટે કોઈ પણ પરિસ્થિતિ કપરી લાગતી નથી. તેમજ પરિસ્થિતિનો સામનો કરવા કટિબધ્ધ પણ બને છે. સારી કે નરસી પરિસ્થિતિમાં તાલમેલ રાખવો તેનું નામ જ જિંદગી! પરિસ્થિતિ ક્યારેક આપણી અણઆવડત કે અન્ય કારણોસર પણ કઠીન બનતી હોય છે. તો આવા પરિબળોથી હંમેશા દૂર રહેવું અને સાવચેતી રાખવી હિતાવહ છે.

મારા ખ્યાલ પ્રમાણે આ દુનિયામાં સુખની પરિભાષામાં પરિસ્થિતિની વાત કરીએ તો કોઈ સંપૂર્ણ સુખી નથી. કોઈને કોઈ બાબતે તેમની પરિસ્થિતિ પ્રતિકૂળ હોવાની જ. ગરીબ માણસને પોતાની રોજી-રોટીની તો અમીર માણસને પોતાના પૈસા બચાવવા તથા તેમને કેમ વધારવા તે બાબતની ચિંતા સતાવે છે. કહેવાનો નિષ્કર્ષ એ છે કે અલ્લાહ પાક જે પરિસ્થિતિ આપે તેનો સ્વીકાર કરવો અને કપરી પરિસ્થિતિનો હિમ્મતભેર સામનો કરવો, નાશીપાસ ક્યારેય થવું નહિ.



Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72,
Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

AHMEDRAZA JAMIL MANDHU
0555983786
04-3593987
applestarcomp
applestarcomp@hotmail.com
www.applestarcomp.com
M.AKIB JAMIL MANDHU
+971588494679
ابل ستار كمبيوتر
APPLESTAR COMPUTER L.L.C.
We are dealing with...
LAPTOP & TABLET REPAIRING
TONER & CARTRIDGE REFILL
C.C.T.V. CAMERA & NETWORKING,
USED & NEW LAPTOPS/TABLETS
ALL SPARE PARTS
AL RAFA ROAD, KHALEED BIN WALID STREET, BUR DUBAI UAE, P.O. BOX: 242886

# સ્પેન (અંદાલુસ)ની કહાની.. (ભાગ-૨)

અલ્ફૈઝ કારાતેલા, આફ્રિકા

ગતાંકથી ચાલુ...

બધા મીટીંગમાં પહોંચ્યા. ત્યાં બિશપે કહ્યું, પોતાની ફોજ તૈયાર કરી લ્યો. ઠીક પંદર દિવસ બાદ આપણે મુસલમાનો પર હુમલો કરીશું. બધા હેરાન કે અચાનક કેમ? બિશપે કહ્યું આજે એક ઘટના ઘટી, એક પાગલ બબડતો હતો. તમને તેની જાણ થઈ? કહ્યું, હાં જાણ થઇ. પરંતુ તેને ને આપણી જંગને શું લેવા-દેવા? બિશપે તાળી પાડી. એક બારણેથી એજ દિવાનો બહાર આવ્યો. બિશપે કહ્યું, આ કોઇ દિવાનો નથી બલ્કે મારો શાર્ગિદ છે. જાણો છો પેલો પૂતળો કોણે રખાવ્યો? મેં રખાવ્યો હતો. પેલો લફંગો પણ મારો શાર્ગિદ હતો. આ દિવાનાને પણ મેં જ મોકલ્યો હતો. જર્નલોએ કહ્યું, તમે તમારી જ કૌમના લોકોને આ બધી ઘટનાઓથી મરાવ્યો? બિશપે કહ્યું, મરાવ્યો નથી, મેં મોટી જંગ માટે કુરબાનીઓ આપી છે. મેં પૂતળો રખાવીને જોયું મુસલમાનોમાં ઈશ્કે રસૂલ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)નો જઝબો કાયમ છે. તેઓ ગુસ્તાખી બરદાશ્ત નથી કરી શકતા, લડવા તૈયાર થઇ જાય છે. મેં કહ્યું, હજુ મોકો નથી આવ્યો કે તેઓની સાથે જંગ કરી શકાય. મેં છેડતી કરાવીને જોયું, ત્યારે પણ તેઓ લડવા ઊભા થઇ ગયા. મેં કહ્યું, જે કૌમ પોતાની બેટીઓની ઇજ્જત માટે ઊભી થઇ જાય છે તેઓ સામે જંગ નથી જીતી શકાતી. પરંતુ આજે જે ઘટના ઘટી કે એક પાગલ બબડતો હતો, એલફેલ બકી રહયો હતો ત્યારે તેઓની કૌમના ઝીમ્મેદારોએ, બુઝુર્ગોએ લોકોને રોકયા કે તે દીવાનો છે, બકે છે, પણ જવા દો.. તેના પર શરીયતનો શું હુકમ લાગશે?

હવે હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે આ કૌમથી રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)ની મહોબ્બત છીનવાઇ ગઇ છે. ઇમાનનો જઝબો ઓછો થઇ ગયો છે. હવે હમલો કરશો તો ફતેહ હાંસલ થશે. આ રીતે કૌમનું પાણી મપાય છે. આપણી સાથે પણ એજ તો થઇ રહયું છે. જયારે આપણી વચ્ચેથી કોઇ નબી (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)ની શાનમાં ગુસ્તાખી કરે છે ને આપણાં ઓલમા રદ્દ કરે છે તો આપણી જ વચ્ચેથી એક તબકો ઊભો થઇ જાય છે ને કહે છે, જવા દો ને તેઓની દાઢી પણ છે, ટોપી પણ છે, નમાઝ પણ પઢે છે. એમને કહેવામાં આવે કે જુઓ તો ખરા, તેઓએ ગુસ્તાખી કરી છે, તો કહે, અરે! અમારે કશું નથી જોવું, તમને તો ફતવા આપવા સિવાય કશું જ કામ નથી.. આ કાફીર પેલો કાફીર.. જયારથી આ બુઝદિલી આપણાં દિલમાં બેઠી, નબી (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)થી તા'લુક કમઝોર થયો, આ તો આપણી પર મુસલ્લત ન થયા પરંતુ બીજા ઝાલીમોને આપણી ઉપર મુસલ્લત કરવામાં આવ્યા.

ઇસાઇઓએ મુસલમાનો પર જોરનો હુમલો કર્યો. સ્પેનની નાલીઓમાં સિવાય લોહી, કશું જ નહોતું દેખાતું. લાખોની લાશો બજારમાં પડેલી જોવા મળતી. ઇતિહાસકારો લખે છે, જામા મસ્જિદની દિવારો લોહીથી ખરડાઇ ગયેલી. બાળકો-જવાન-પ્રૌઢ કોઇને પણ છોડવામાં નહોતા આવ્યા. મુસલમાનોની લાઇબ્રેરીને આગ લગાવી દેવામાં આવી. મસ્જિદોને ચર્ચમાં તબદીલ કરી દેવામાં આવી. ઇસાઇ ઇતિહાસકારો ખુદ લખે છે કે સાંઇઠ હજાર બાળકો પર ઘોડા દોડાવી દેવામાં આવ્યા. બહુ જ ઝુલ્મ અને બર્બરીયત કરવામાં આવી. આજે પણ તમે સ્પેના હાલાત જોઇ શકો છો. બધું જ ખતમ કરી નાખવામાં આવ્યું, આપણા સહુ માટે ઇબરત છે.

આપણા સમાજમાં પણ મૂર્તદો (વહાબી, દેવબંદી, એહલે હદીષ વગેરે)નો ફિત્નો ઝહેરની જેમ ફેલાઇ ગયો છે. ઓછામાં પુરૂ અમુક સુલહેકુલ્લીઓ તેઓનું રદ્દ કરવાને બદલે સમર્થન કરે છે. જયારે આ ફિત્નાનો વિરોધ કરવામાં આવે ત્યારે આવા જાહિલોને પેટમાં શૂળ ઉપડે છે.

**મલ્ટીકલર ઓફસેટ મુદ્રિત "ટાઇમ્સ ઓફ ખત્રી"ને સજીવન રાખવા આપના દરેક સુખ, દુઃખના પ્રસંગે 'ટાઇમ્સ ઓફ ખત્રી'ને હંમેશા યાદ રાખો અને આપનું ડોનેશન તુરંત મોકલશો..**

**સમાચાર-લેખન-કૃતિઓ મોકલવા માટેઃ E-mail: timesofkhatri@gmail.com**

**આપના લવાજમ થકી જ ટાઇમ્સ ઓફ ખત્રી ટકી રહેશે.**

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# અંતરિક્ષમાં વસાહત

સમીર આર. ઘુમરા, રાજકોટ

અંતરીક્ષમાં માનવ-વસાહત ઊભી કરવા અંગેની યોજના અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટીના વિજ્ઞાની જિરાર્ડ ઓ'નીલે સૌ પ્રથમ રજૂ કરી હતી. આ યોજનાનો મૂળભૂત વિચાર એ હતો કે પૃથ્વીની સીમિત નૈસર્ગિક સંપત્તિ પર મહદ્અંશે આધાર રાખ્યા સિવાય અંતરીક્ષમાં નિરંતર મળતી સૌરા ઊર્જા અને ચંદ્રની ધરતીમાંથી મળતાં દ્રવ્યોનો ઉપયોગ કરીને જ એક સ્વાવલંબી ઔદ્યોગિક વસાહત અંતરીક્ષમાં ઊભી કરી શકાય.

ચંદ્રની ધરતીના પથ્થરોનું રાસાયણિક પરીક્ષણ કરતાં જાણવા મળ્યું છે કે એમાં લગભગ ૪૦% ઓક્સિજન છે, જ્યારે બાકીની ધાતુ છે, જેમાં મુખ્યત્વે સિલિકોન, લોખંડ, કેલ્શિયમ, ટાઈટેનિયમ, એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમનો સમાવેશ થાય છે. ખાસ અગત્યની બાબત એ છે કે પૃથ્વીમાંથી મળતા ટાઈટેનિયમ કરતાં ચંદ્રની ધરતીમાં લગભગ બે ગણું ટાઈટેનિયમ અસ્તિત્વ ધરાવે છે.

અંતરીક્ષ વસાહત તૈયાર કરવામાં મુખ્યત્વે એલ્યુમિનિયમ અને કાચ વાપરવામાં આવનાર છે. આ વસાહત ચંદ્રની ભ્રમણકક્ષામાં એલ-૫ નામે ઓળખાતા બિંદુ પર ઊભી કરવામાં આવશે. ચંદ્રની ભ્રમણકક્ષામાં આ સ્થાન ચંદ્ર અને પૃથ્વીથી સરખા અંતરે આવેલું છે. જ્યાં સૂર્યની ગરમી અને પ્રકાશ નિરંતર મળતા રહેશે. આધુનિક રોકેટ ટેકનોલોજી અને 'સ્પેશ-શટલ'નો ઉપયોગ કરીને જ આ વસાહત તૈયાર કરી શકાશે.

અત્રે એક અગત્યની બાબત નોંધવી જોઈએ કે ચંદ્રનું ગુરૂત્વાકર્ષણબળ પૃથ્વીના પ્રમાણમાં ઘણું ઓછું છે. વળી, ચંદ્ર ઉપર વાતાવરણનું અસ્તિત્વ બિલકુલ નથી. આથી, ચંદ્ર ઉપરથી જરૂરી બધું દ્રવ્ય અંતરિક્ષમાં લઈ જવા માટે ઘણા ઓછા બળની જરૂર પડશે. આની સરખામણીમાં એટલા જ વજનનું દ્રવ્ય જો પૃથ્વી પરથી અંતરીક્ષમાં લઈ જવું હોય તો લગભગ વીસગણા બળની જરૂર પડે.

૧૯૯૦ના દસકામાં અંતરીક્ષયાનો દ્વારા જાણવા મળ્યું છે કે ચંદ્રના ઉત્તર અને દક્ષિણ ધ્રુવના વિસ્તારોમાં લાખો ટન થીજેલા બરફનું અસ્તિત્વ છે. આ બરફના પાણીમાંથી હાઈડ્રોજન અને ઓક્સિજન મેળવીને ચંદ્ર પરની વસાહતમાં તેનો ઉપયોગ કરી શકાશે તથા અંતરીક્ષના અન્ય સ્થાન પરની વસાહત ઊભી કરવા માટે હાઈડ્રોજન અને ઓક્સિજનનો રોકેટના બળતણ તરીકે ઉપયોગ કરી શકાશે.

પ્રથમ વસાહત ૧૦૦૦૦ માણસો રહી શકે તેવી એક મોટા ચક્ર જેવા આકારની હશે. તેમાં વસનારા લોકો માટે અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવા માટે ચંદ્રની ધરતીનો ઓક્સિજન અને હાઈડ્રોજન વાપરવામાં આવશે, જ્યારે કાર્બન અને નાઈટ્રોજન પૃથ્વી પરથી લાવવામાં આવશે. આ વસાહતમાં યોગ્ય પ્રમાણમાં ગુરૂત્વાકર્ષણબળ ઉત્પન્ન કરવા માટે આખા ચક્રને ધીમો ચાક આપીને ઘુમાવવામાં આવશે. એલ્યુમિનિયમ અને કાચ વડે બનેલી આ વસાહતમાં પૃથ્વીના સમુદ્રતલ પરના વાતાવરણ જેવું જ વાતાવરણ રાખવામાં આવશે. ચક્રની ધરી હંમેશા સૂર્યની દિશામાં રાખવામાં આવશે અને વસાહતની અંદર પૃથ્વી પર છે તેવી નૈસર્ગિક પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવશે. એમાં વનસ્પતિ, લીલી હરિયાળી, વૃક્ષો, પશુ, પંખી તેમજ સપાટ મેદાનો, ખીણ, ટેકરી, ઝરણા તથા સરોવરો પણ હશે. દરેક નિવાસસ્થાનમાં અગાશી હશે, જેથી સૂર્યપ્રકાશનો પૂરતો ઉપયોગ થઈ શકે.

આખી વસાહતમાં રહેઠાણ, કૃષિ અને ઉદ્યોગો માટે અલગ અલગ ભાગ હશે. જ્યાં સૂર્ય-પ્રકાશ, તાપમાન, હવામાન અને ગુરૂત્વાકર્ષણબળનું ઈષ્ટતમ પ્રમાણમાં જાળવવામાં આવશે. કૃષિ સંબંધિત ખાસ અગત્યની બાબત એ છે કે અંતરીક્ષની વસાહતમાં દરેક પાક માટે દિવસની લંબાઈ, સૂર્ય પ્રકાશ તથા ઋતુ ચક્રનું નિયમન કરી શકાશે. આ ઉપરાંત ત્યાં કોઈ પણ પ્રકારની જીવાત નહિ હોય એટલે ખેતીવાડી અત્યંત કાર્યક્ષમ બની શકશે અને ધાર્યા પ્રમાણે દરેક પાકનો ઉતાર લઈ શકાશે. જેથી પાક નિષ્ફળ જવાની શક્યતા નહિવત્ હશે. વસાહતમાં લગભગ ૧૧૧ એકરમાં ખેતી કરવામાં આવશે. જેથી ૧૦૦૦૦ લોકો માટે પૂરતો ખોરાક મળી શકે. કચરાના નિકાલ માટે પણ એક કાર્યક્ષમ તંત્ર રાખવામાં આવશે. જેની મદદથી કચરામાંથી ખાતર અને શુધ્ધ પાણી મેળવી શકાશે. આખી વસાહતની અંદર અત્યંત શુધ્ધ હવા મળશે. બીજા શબ્દોમાં કહીએ તો અંતરીક્ષ-વસાહતમાં પૃથ્વી પરના કોઈ પણ શહેરમાં હવા કરતાં વધારે શુધ્ધ હવા મળી શકશે.

વસાહતની અંદર પ્રદૂષણ ઉત્પન્ન ન કરે તેવા નાના ઉદ્યોગો જ રાખવામાં આવશે, જ્યારે પ્રદૂષણ ઉત્પન્ન કરે તેવા મોટા ઉદ્યોગો અંતરીક્ષમાં અન્ય સ્થાન ઉપર રાખવામાં આવશે. જ્યાં શૂન્ય ગુરૂત્વાકર્ષણનો લાભ લઈ શકાય તથા પ્રદૂષણનો નિકાલ અંતરીક્ષમાં જ કરી શકાય.

NRP
NEW RAJ PLASTIC
Rajakbhai
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat
fast food

# ઈસ્લામનો સુવર્ણ કાળ: ૧૦૦ મુસ્લિમ વૈજ્ઞાનિકો

ફિરોઝખાન, ટોરંટો, કેનેડા

(ક્રમાનુસાર ચાલુ...)

## ઈમામ ગઝાલી (૧૦૫૮-૧૧૧૧)

અગિયારમી સદીમાં થઇ ગયેલા ઈમામ ગઝાલી બહુમુખી પ્રતિભાના માલિક હતા. તેઓ અનેક વિષયોના ફકત જાણકાર જ નહિ પરંતુ વિશેષજ્ઞ હતા. અંગ્રેજીમાં જેને પોલીમથ કહેવાય છે તેને આપણી ગુજરાતી ભાષામાં પ્રકાંડ પંડિત અથવા મહાન પંડિત કહેવામાં આવે છે અને તેઓ ખરેખર મહાન પંડિત હતા. તેઓ એક ફિલોસોફર, ધર્મશાસ્ત્રી એટલે કે આલિમ, જયુરિસ્ટ એટલે કે ન્યાયશાસ્ત્રી, લોજિશિયન એટલે કે તર્કશાસ્ત્રી અને મિસ્ટિક એટલે કે રહસ્યવાદી હતા.

ઈમામ ગઝાલીનું અસલ નામ તો અબુ હમિદ મુહમ્મદ ઇબ્ન અટ્ટૂસીયલ ગઝાલી હતું. ફારસીમાં તેમનું નામ ઇમામ મુહમ્મદ ગઝાલી લખાય છે જયારે લેટિન ભાષામાં તેમને અલઝેલુ અથવા અલગઝલ લખાય છે અને કહેવાય છે. તેઓ મધ્ય યુગીન યુરોપના અનેક સ્કોલરોમાંથી એક હતા. તેમના સમયમાં તેમની વાતો અને લખાણોની આમ પ્રજા પર બહુ મોટી અસર થતી. તેઓની પૈદાઇશ તેમના સમયના ઈરાનના તુસ પ્રાંતના તબરાનમાં થયેલી.

અલ-ગઝાલી સહાફી મસ્લકના સુન્ની હતા અને તેઓ સુફીઝમમાં માનતા. સુફિઝમે અનેક ઔલિયા આપ્યા જેમણે ઈસ્લામને વિશ્વમાં ફેલાવવામાં મહત્વનો ફાળો આપ્યો. આજે આપણે જે ખાનકાહો જોઇએ છીએ તે સુફિઝમની મહેરાબાની છે.

અલ-ગઝાલીને એમના જીવનમાં જ અનેક ખિતાબો મળેલા, જેમાં 'શરફુલ ઇમમાં', 'ઝયનુદ્દીન' અને 'હુજ્જત-ફૂલ-ઈસ્લામ' શામેલ છે.

ઈમામ ગઝાલીએ ૭૦ થી વધુ પુસ્તકો લખેલા. એમના સમયમાં એમને ફતવા આપવાનો અધિકાર મળેલો હતો અને કહેવાય છે કે એમણે અંડાલુસ (આજના સ્પેન)ના તાઇફ રાજાની વિરૂધ્ધ ફતવો આપેલો. એક હુકમરાનની વિરૂધ્ધ ફતવો આપવો એટલે કે ખૂબ જ હિમ્મતનું કામ કહેવાય અને એ હિમ્મત અલ-ગઝાલીમાં હતી.

તેઓને 'મુજ્જદીદ' ગણવામાં આવે છે. મુજાહીદ એવી વ્યક્તિને કહેવામાં આવે છે કે જે દર સો વરસમાં એક વખત જન્મ લે છે. ઈસ્લામમાં ફેલાયેલી બદીઓને દૂર કરી ફરી દીનને તેના અસલી સ્વરૂપમાં લાવે છે. આવા લોકોને પોતાના નેક કાર્યો કરવા માટે ઘણાં બધા લોકોનો વિરોધ સહેવો પડતો હોય છે. લોકો સહેજમાં ખોટી માન્યતાઓ અને બદીઓને સહજતાથી છોડવા નથી માગતા. પરંતુ આ લોકો પ્રજાના અને અમુક વખતે તો હુકમરાનોનો પણ વિરોધ સહન કરીને પણ હક વાતો લોકો સુધી પહોંચાડતા હોય છે. એમને અલ્લાહ સિવાય બીજો કોઇનો કોઇપણ પ્રકારનો ડર કે ખૌફ હોતો નથી.

ઈમામ ગઝાલીની વાતો અને લેખોની એમના સમયમાં ખૂબ તારીફ થતી. એમના સમયના અનેક ઈસ્લામીક સ્કોલરો પણ તેમની વાતો અને દલીલો સાથે સંમત થતા. એટલું જ નહિ એમના વિરોધીઓ પણ એમની દલીલો સાંભળીને એમની સાથે સંમત થતા. એમને લોકોએ એ સમયે 'હુજ્જલ-અલ-ઈસ્લામ' એટલે કે 'ઈસ્લામનું સબૂત'નો ખિતાબ આપેલો.

ઈમામ ગઝાલીનું માનવું હતું કે એમના સમયના લોકો અને હુકમરાનો અસલ ઈસ્લામને ભૂલાવી બેઠા છે. ઈસ્લામની આધ્યાત્મિક પરંપરાઓને પણ ભૂલી બેઠા છે. તેઓનું માનવું હતું કે તેમના સમયમાં ઈસ્લામ મરણાસન્ન થઇ ગયો છે. તેને પુનઃજીવિત કરવું ખૂબ જરૂરી છે. તેઓનું માનવું હતું કે ઈસ્લામના પૈગમ્બર હુઝુરે કરીમ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) અને એમના સહાબાએ જે ઈસ્લામની શિખામણો આપેલી એને લોકોએ સદંતર ભૂલાવી દીધી છે અને એમણે સુધારી ફરી અસ્સલ દીન પર લોકોને લાવવા ખૂબ જરૂરી છે. એમણે એજ સમયે એમની પ્રખ્યાત કિતાબ 'ઈહિય ઉલુમ અદ્દીન' લખી. આ કિતાબનું પહેલા લેટિન ભાષામાં અને ત્યારબાદ અનેક અન્ય ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો. એમની બીજી કિતાબ 'તહાફુલ અલ-ફલસીફા' લખેલી, જેને આજે પણ ફિલોસોફીનો ઈતિહાસ ગણવામાં આવે છે. એમના પૂર્વે કોઇએ આવું જ્ઞાનથી ભરપૂર પુસ્તક લખ્યું ન હતું.

ઈમામ અલ-ગઝાલીએ પોતે સુલતાન સંજરને લખેલા પત્રોમાં લખેલું કે એમણે પોતે એમના જીવનકાળમાં અલગ અલગ વિષયો પર ૭૦ પુસ્તકો લખેલા. જો કે એમની વફાતના ઘણાં સમય બાદ એટલે કે લગભગ ૧૩ મી સદીમાં અનેક લોકોએ લેખો લખીને ઈમામના નામ પર ચઢાવી દેવાના બાલિશ પ્રયત્નો કરેલા. પરંતુ તેમના લખાણ, ભાષા અને વિચારોથી માલુમ પડેલું કે આ લેખો કે પુસ્તકો ઈમામ સાહેબના પોતાના ન હતા, બલ્કે ડુપ્લીકિટ હતા. એક વાત છે, જે લેખક કે કવિ જયારે બહુ જ પોપ્યુલર થઇ જાય છે ત્યારે ઘણાં લોકો પોતે લખીને એ ફેમસ વ્યક્તિના નામે ચઢાવી દેતા હોય છે.

ઈમામ ગઝાલી ફકત પર કે પ૩ વર્ષની ઉમરે તુસમાં ૧૯ ડિસેમ્બર, ૧૧૧૧ના રોજ વફાત પામ્યા (ઈન્ના લિલ્લાહે..)

દોસ્તો અનેક ઈસ્લામી સ્કોલરોએ પોત પોતાના સમયમાં લોકોને નવી રાહ બતાવી એટલું જ નહિ પણ આવનાર પેઢી માટે પણ ગજબનો વારસો છોડી ગયા. કમનશીબે મુસલમાનો એનો જતન ના કરી શકયા.

Since 1945

જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

# 7 Steps to Dental Health
A Holistic Guide to a Healthy Mouth and Body

## 7 Steps to Improve Your Dental Health
### Holistic Dental Therapy & Prevention

**Max Haroon**
E-mail: max@healthyaging.institute

*Someone asked me "Why do I have dental issues in spite of regular brushing and visiting the dentist and hygienist regularly?"* **So, I turned around to her and asked do you clean your mouth 100%? Do you access and clean every part of your oral structure?**

I bet you think you do. If so consider the following and you will concur with me that most people do not clean their teeth and their mouths 100%:

1. Did you brush the spaces between the teeth, by flossing or using an Interdental brush?
2. Did you remove the sticky deposits (plaque) on the gum line, particularly under the gum line?
3. Did you clean the inaccessible back surface of your wisdom tooth, the back of your mouth, the floor/upper palate of your mouth and Tongue?
4. Did you use an electric brush?

A gum disease appears to be a local infection of the gum, but the infection can spread through blood and can become systemic infected, such as cardiovascular disease, bacterial pneumonia, diabetes mellitus, and low birth weight. In one study it was found that people with serious gum disease were 40% more likely to have a chronic condition.

This Guide is compiled from the book - 7 Steps to Dental Health: A Holistic Guide to a Healthy Mouth and Body *by Max Haroon in collaboration with a team of dentists and doctors (read below about the book and the author)*

*If you find it worthwhile then please share it with your loved ones.*

### Holistic Approach

*Holistic or Biological Dentistry is a term used for dentists who undertake a more natural form of dentistry - dentistry that recognizes that dental procedures do affect the entire body.*

*A holistic approach to healing recognizes that the emotional, mental, spiritual and physical elements of each person comprise a system. By working with this systems approach, the cause of an illness is targeted, rather than just the symptoms.*

### Acidity and Plaque




When we eat, the **bacteria** convert sugary food (easily absorbable carbohydrates) into **acids**. Acidity not only causes a cavity, but it also dissolves minerals in your teeth. The surface of the enamel becomes porous tiny holes appear. After a while, the acid causes the enamel to decalcify. Once it reaches the dentine, it mushrooms into a **cavity**. Live and dead bacteria, turn into a sticky substance called **plaque** that sticks to our teeth (mostly in the back **molars**). If you do not brush your teeth to remove the plaque, it will **calcify** in roughly 48 hours. It will harden in almost 12 days to form **calculus or tartar**.
The Repeated build-up of tartar will inflame the **gums**.

To be continued...

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

**Dhada Hospital**
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
**City General Hospital**
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri May-2023 | Postal Regd. No. Rajkot/707/2022-2024

If undelivered please return to:
ટાઇમ્સ ઓફ ખત્રી
Times of Khatri
Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,
Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## જશ્ને સગાઈ

જોડિયાના રહીશ જનાબ મન્સુર હાજી મામદ વલોરાના ફરઝંદ **મોહમ્મદ શબ્બીર** નું મીઠુ મોઢું જામકંડોરણાના રહીશ જનાબ અનવર જુમ્માભાઇ વિજળીવાઢાની નેક દુખ્તર **હલીમા** સાથે તા. ૧૮-૦૩-૨૦૨૩ના રોજ થયેલ છે. આ ખુશીના પ્રસંગે મન્સુરભાઇ વલોરા તરફથી ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૨૦૦ તેમજ અનવરભાઇ વિજળીવાઢા તરફથી ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૨૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## ઉન્નતિ કે સિતારે

જામનગરના રહીશ જનાબ અનવર હાસમ ટાટારીયાના ફરઝંદ **ઇઝહાન** BITS PILANI-Hyderabad Campus માંથી Computer Science & Engineering (CSE)ના પ્રથમ સેમેસ્ટરમાં Distinction સાથે પાસ થયેલ છે. તેમજ તેમના બીજા પુત્ર ઝીયાન ધો. ૯ની પરીક્ષામાં CBSE-English Medium માં ૯૧.૭% સાથે પાસ થયેલ છે. આ ખુશીના પ્રસંગે ગઝાલા અનવર ટાટારીયા તરફથી રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## નયા સોપાન

જૂનાગઢના રહીશ જનાબ યુનુસ અબુબકર ગિરાચ તેમજ તેમના ફરઝંદ દાનિશ યુનુસ ગિરાચ એ ‘‘ચશ્મા’’ની નવી દુકાન તા. ૨૩-૦૪-૨૦૨૩ના રોજ શરૂ કરેલ છે. આ નવા સોપાનની ખુશીમાં હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૧/- બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## રૂખ્શતે જહાં

- જેતપુરના રહીશ અમીન અ.રશીદ ગિરાચ (મુસ્તાક ગિરાચના ભાણેજ)નો તા. ૦૯-૪-૨૦૨૩ના રોજ ઇન્તેકાલ થયેલ છે.
- રાયપુરના રહીશ ઇબ્રાહિમ મુસા ગિરાચનો તા. ૧૫-૦૪-૨૦૨૩ના રોજ ઇન્તેકાલ થયેલ છે. ....ઇન્ના લીલ્લાહે વ ઇન્ના ઇલયહે....

## લવાજમ

હનીફ આદમ ગિરાચનું ૧ વર્ષનું ટાઇમ્સ ઓફ ખત્રીનું લવાજમ મળેલ છે.

## હાલાઈ મુસ્લિમ ખત્રી જમાઅત-કોડિનારના નવનિયુક્ત હોદ્દેદારો

તા. ૦૫-૦૩-૨૦૨૩ના રોજ સાંજે ૪ વાગ્યે હાલાઇ મુસ્લિમ ખત્રી જમાઅત, કોડિનારની જનરલ મિટિંગ, જનાબ અ.હમીદભાઇ રાજાવાઢાના ઘરે રાખવામાં આવેલ. આ મીટીંગમાં તિલાવતે કુર્આને પાક અને ત્યારબાદ ગત્ મીટીંગની મિનીટ્સનું વાંચન કરવામાં આવેલ. તત્કાલીન પ્રમુખ અ.હમીદભાઇ રાજાવાઢાએ રાજીનામું આપતા કોડિનાર જમાઅતની નવી બોડીની રચના કરવામાં આવી.

(૧) જનાબ ઇમરાનભાઇ રફીકભાઇ રાજાવાઢા, પ્રમુખ (૨) જનાબ ઇરફાનભાઇ ભૂછડા, સેક્રેટરી
જ્યારે સભ્યો તરીકે (૩) જીકરભાઇ રાજાવાઢા (૪) નઇમભાઇ ભૂછડા (૫) નઝીરભાઇ ખત્રી દીવવાળા (૬) આરીફભાઇ ખત્રી દીવવાળા ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.
હળવા નાસ્તા અને આભાર વિધી સાથે મિટીંગનું સમાપન થયું.

## ખત્રી બિરાદરો જોગ...

કોઇપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઇ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ ‘ટાઇમ્સ ઓફ ખત્રી’ બખૂબી બજાવી રહ્યું છે અને તેનો ફાયદો પણ આપ લોકોની સમક્ષ દેખાઇ રહ્યો છે. સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઇને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસે મોકલી આપવું. આપની આ લવાજમરૂપી સહાયથી જ આપણું ‘ટાઇમ્સ ઓફ ખત્રી’ ટકી રહેશે.

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.